Gujrati ~~(...)~~ (P) (T1)

(10) 3115

રાષ્ટ્રીય

# પ્રભાત ગીત સંગ્રહ

નથી જાણ્યું અમારે પંથ શી આફત ખડી છે,
ખબર છે આટલી કે માતની હાકલ પડી છે.

પ્રકાશક:
ઈશ્વરલાલ લલ્લુભાઈ પટેલ
કાલબાદેવી–મુંબઈ ૨

કીંમત ૦–૧–૦

IMPERIAL RECORD
RECEIVED.
23 MAR. 1931
DEPARTMENT

NATIONAL ARCHIVES LIBRARY
No 3115
D. 28.3.72
GOVT. OF INDIA

ૐ

## રાષ્ટ્રીય

# પ્રભાત ગીત સંગ્રહ

### वंदेमातरम्

૧

અય માતૃભુમિ તેરે ચરણોમે શીર નમાઉં ।
મેં ભક્તિ ભેટ અપની તેરી શરણમેં લાઉં ॥

માથે પૈ તુ હો ચંદન, છાતી પૈ તું હો માલા ।
જિવ્હા પેં ગીત તું હો મેં તેરા નામ ગાઉં ॥ ૧ ॥

જિસસે સુપૂત ઉપજે ગાંધી તિલક જેસે ।
ઉસ તેરી ધુલિકો મે નિજ શીશ પૈ ચઢાઉં ॥ ૨ ॥

માની સમુદ્ર જીસકી ધુલીકા પાન કરકે ।
કરતા હે માન તેરા, ઉસ પૈરકો મનાઉં ॥ ૩ ॥

વે દેશ માનવાલે ચઢકર ઉતર ગયે સબ ।
ગોરે રહે ન કાલે, તુજકોહી એક પાઉં ॥ ૪ ॥

સેવામેં તેરી સારે ભેદોં કો ભુલ જાઉં ।
વહ પૂન્ય નામ તેરા પ્રતિદિન સુનુ સુનાઉં ॥ ૫ ॥

તેરેહી કામ આઉં, તેરાહી મંત્ર ગાઉં ।
મન ઔર દેહ તુજ પર બલિદાન મૈં ચઢાઉં ॥ ૬ ॥

# वंदेमातरम्

૨

સુજલામ્ સુફલામ્ મલયજશીતલામ્
શસ્યશ્યામલામ્ માતરમ્ !
શુભ્ર જ્યોત્સ્ના પુલકિત યામિનીમ્
ફુલ્લ કુસુમિત–દ્રુમદલ શોભિનીમ્
સુહાસિનીમ્ સુમધુરભાષિણીમ્
સુખદામ્ વરદામ્ માતરમ્ !
ત્રીશકોટિ કંઠ–કલકલ નિનાદ કરાલે
દ્વિત્રીંશ કોટિ ભુજૈર્ધૃત ખર–કરવાલે
અબલા કેન મા એતો બલે !
બહુબલ ધારિણીમ્ નમામિ તારિણમ્
રીપૂદલ વારિણીમ્ માતરમ્ !
તુમિ વિદ્યા, તુમિ ધર્મ,
તુમિ હૃદિ, તુમિ મર્મ
ત્વં હિ પ્રાણાઃ શરિરે !
બાહુ તે તુમિ મા શક્તિ
હૃદયે તુમિ મા ભક્તિ.
તોમારઇ પ્રતિમા ગડી.
મન્દિરે મન્દિરે !
ત્વંહિ દુર્ગા દશ પ્રહરણધારિણી
કમલા કમલદલ વિહારિણી
વાણિ વિદ્યા દાયિની
નમામિ ત્વાંમ્
નમામિ કમલામ્, અમલામ્ અતુલામ્
સુજલામ્ સુફલામ્ માતરમ્
વન્દે માતરમ્ !

ૐ

સ્યામલામ્ સરલામ્ સુસ્મિતાં ભૂષિતામ્
ધરણીમ્ ભરણીમ્ માતરમ્
વન્દેમાતરમ્

બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય.

---

## વન્દેમાતરમ સ્તોત્ર

ૐ

શુદ્ધ સુંદર અતિ મનોહર મંત્ર વન્દેમાતરમ્;
મૃદુલ સુખકર દુઃખહારી મંત્ર વન્દેમાતરમ્,
મંત્ર યહ હૈ તંત્ર યહ હૈ જંત્ર વન્દેમાતરમ;
સિદ્ધિદાયક બુદ્ધિદાયક એક વન્દેમાતરમ્,
ઓજમય બળ કાંતિમય સુખ શાંતિ વન્દેમાતરમ:
મતિપ્રદાયક અતિ સહાયક મંત્ર વન્દેમાતરમ્,
હરઘડી હરબાર હો હરમાન વન્દેમાતરમ્;
હરદમ હંમેશાં બોલીએ ગુરુ મંત્ર વન્દેમાતરમ્,
જપીએ નિરંતર શુદ્ધ મનશે મંત્ર વન્દેમાતરમ્;
સોતે સમય ખાતે સમય કલગાન વન્દેમાતરમ્,
આઠો પ્રહર દિલમેં રહે મૃદુતાન વન્દેમાતરમ્;
મુખસે હ્રદયસે રાતદિન હો, જાપ વન્દેમાતરમ,
તેગસે શિરભી કટે ભૂલો ન વન્દેમાતરમ્;
મોતકી ઘડીઆં ગુંજાદો નાદ વન્દેમાતરમ્;
જેલમેં હો તો જપો શુભ જાપ વન્દેમાતરમ્,
બેડીઆં ઝંકાર દે શુભ તાન વન્દેમાતરમ્;
વીર ગોલી તોપકી હૈ આડ વન્દેમાતરમ,
તેગ બરછી કે લીયે હૈ ઢાલ વન્દેમાતરમ્;
કર્ણકા દ્દઢ કવચ હૈ એક શબ્દ વન્દેમાતરમ,
વિશ્વવિજયી શત્રુ વિજયી મંત્ર વન્દેમાતરમ્;

## ભીષ્મ—પ્રતિજ્ઞા

(૪)

ગિરિતે ગીરાઓ, મઝાધારમેં બહાઓ,
મહાસાગરમેં ડૂબાઓ, કિન્તુ હાથ નહિં જોડેંગે.
તીખી તેગસે કટાઓ, તપ્ત તેલમેં કઢાઓ,
ચાહે ખાલ ખિંચવાઓ, પર મુખ નહિ મોડેંગે.
કાલી નાગ તે ડંસાઓ, ચાહે ભૂમિમેં ગડાઓ,
અથવા સૂલીપેં ચઢાઓ. પર પણ નહિ છોડેંગે.
ભનત પ્રણવ હમ, સૈનિક સ્વરાજ્યકે હૈં,
ચિતામેં ભી ખાખ હોતે, ટેક નહિ તોડેંગે—

પંડિત ૐકારનાથ

---

## ' આઝાદી તમન્ના '

(૫)

યે શિર જાવે તો જાવે, પર આઝાદી ઘર આવે;
યે જાન ફ્ના હો જાવે, પર આઝાદી ઘર આવે. ૧
જો આગે કદમ ઉઠાયા, ઓ અબ નહિ હટનેવાલા;
જો યકીન અપને પાયા, ઓ કભી નહિ રૂકનેવાલા. ૨
યે નવજવાનો કી સેના, અબ નહિ હટનેવાલી;
યે નવજવાનો કી સેના, અબ નહિ રૂકનેવાલી. ૩
હમ ખુની જીગર કે પ્યાલે, દુશ્મન કો પીલાનેવાલે;
હમ નહિ હૈ બુઝદિલ આદમ, હમકહા સો કરનેવાલે. ૪
અય ગરદન ઉંચે ઉઠાઇ, નહિ જુલ્મો સે ઝુકનેવાલી;
અય સિતમકે કરનેવાલે, ચલ બંદુક જલ્દી ઉઠા લે. ૫
હમ ખડે હૈ ધર કે સીના, અય ગોલી ચલાનેવાલે;
ચલ બતા દે તાકત તેરી, અબ હમ નહિ હટનેવાલે. ૬

હમ મરેંગે લડતે લડતે, નહિ લડાઇ મરનેવાલી;
મયદાન ન હોગા ખાલી, જબતક નહો ખુશહાલી. ૭
અયમંજૂર હમે હૈ મરના, ચલ અપના સાજ સજા લે;
ચલ બતા દે તાકાત તેરી, અબ હમ નહિ થકનેવાલે. ૮

---

## " નહિ નમશે નિશાન ભુમિ ભારતનું "

(૬)

નહિ નમશે નહિ નમશે, નિશાન ! ભુમિ ભારતનું.
ભારતની એ ધર્મ ધ્વજાનું (૨)
સાચવશું સન્માન !–ભુમિ ભારતનું, નહિ નમશે૦
ઐક્ય તણો એ અમરપટો છે, (૨)
મુક્તિનું વરદાન !–ભુમિ ભારતનું; નહિ નમશે૦
ભારત માતાના મંદિર પર એ, (૨)
શાન્તિનું એંધાણ !–ભુમિ ભારતનું; નહિ નમશે૦
ચક્ર સુદર્શન અંકિત એ તો, (૨)
હિંદી જનના પ્રાણ !–ભુમિ ભારતનું: નહિ નમશે૦
સફેદ લીલું લાલ ત્રિરંગી (૨)
વિરોધનું સંધાણ !–ભુમિ ભારતનું: નહિ નમશે૦
સફેદમાં સહુ ધર્મે ધાર્યું (૨)
ઇશ્વરનું ફરમાન !–ભુમિ ભારતનું: નહિ નમશે૦
લીલામાં ઇસ્લામી ધર્મે (૨)
રાખ્યું પાક કુરાન !–ભુમિ ભારતનું: નહિ નમશે૦
લાલ સનાતન આર્ય પ્રજાનું (૨)
મંગળ મૂર્તિમાન !–ભુમિ ભારતનું: નહિ નમશે૦
અચળ અમારે આંગણ એ તો (૨)
સ્વરાજનું મંડાણ–ભુમિ ભારતનું. નહિ નમશે૦
સાચા હિન્દી શુરાઓનું (૨)
એ છે વિજય સુકાન–ભુમિ ભારતનું. નહિ નમશે૦

## ડંકો વાગ્યો

(૭)

ડંકો વાગ્યો લડવૈયા, શુરા જાગજો રે.
શૂરા જાગજો રે, કાયર ભાગજો રે;
ડંકો વાગ્યો.
માથું મેલો, સાચવવા સાચી ટેકને રે;
સાચી ટેકને રે (૨)
માથું મેલો૦
તોડી પાડો સરકારી જુલ્મી કાયદા રે;
જુલમી કાયદા રે (૨)
તોડી પાડો૦
ભારત મુક્તિને કાજે કાયા હોમજો રે;
કાયા હોમજો રે; (૨)
—ભારત૦
ડંકો વાગ્યો ભારતની બ્હેનો જાગજો રે,
બ્હેનો જાગજો રે વિદેશી ત્યાગજો રે;
ડંકો વાગ્યો.

---

## વીર જવાહીર.

(૮)

ભારતકા ડંકા આલમમેં, બજવાયા વીર જવાહર ને,
સ્વાધીન બનો, સ્વાધીન બનો, સમઝાયા વીર જવાહીર ને,
વહ લાલ જો મોતીલાલ કા હૈ, હૈ લાલ દુલારા ભારતકા,
સોતે ભારત કો હડ કરકે જગવાયા વીર જવાહર ને,
અંગ્રેજો કી મૃગતૃષ્ણા મેં, ભુલે થે ભારતવાસી સબ,
પુરી આઝાદી કા મંત્ર, સીખલાયા વીર જવાહર ને,
ખોટી હૈ રાજનીતી ઉસને, છાની હૈ ખાખ વીદેશીકી,
સમતા સ્વતંત્રકા મારગ, દીખલાયા વીર જવાહરને.

ૂજપતી જમીદાર કરતે હૈં જુલ્મ મજૂર કીસાનો પર,
પન સાથી દોનોં કા ધીરજ, ધરવાયા વીર જવાહરને.
ક રોશન આગ ધધકતી હૈ, આજાદી કી ઉસકે દીલમેં,
જીસસે યુવકોં કા મર્દા દીલ, ચમકાયા વીર જવાહરને.
આદર્શ—ચરીત સે વહ અપને, યુવકોં કા હૈ સમ્રાટ બના,
આઝાદીકા ઉંચા ઝંડા, ફરકાયા વીર જવાહરને.
બીજલી હૈ વાણી મેં ઉસકી જાદુ હૈં આંખોમે ઉસકી,
ખા જીસકો એક પલ ભરમેં, અપનાયા વીર જવાહરને.

---

## વીરહાક વાગે છે.

(૯)

વાગે છે રે વાગે છે મારા બાપુની વીરહાક વાગે છે;
ડોલે છે રે ડોલે છે જુલ્મીના રાજપાટ ડોલે છે.
જાલીમના જુલમો ને હાકેમની બેડીઓ,
એકકે તડાકે તૂટે છે—મારા બાપુની વીરહાક વાગે છે.
અંધારાં આથમ્યાં ને ઓથાર ઓસર્યાં,
રણનાં રણશીંગડાં વાગે છે—મારા બાપુની વીરહાક વાગે છે.
પટલાઇનાં પોથાં ને નોકરીનાં થોથાં,
લોકો ફટાફટ ફેંકે છે—મારા બાપુની વીરહાક વાગે છે.
સરકારી શાળાનાં ભણતર મુકીને,
જંગે જુવાનીઆ ઝુકે છે—મારા બાપુની વીરહાક વાગે છે.
દૈતરાજ ફીટે ને રામરાજ વ્યાપે,
સતના ડંકા ગાજે છે—મારા બાપુની વીરહાક વાગે છે.
કાયરતા કાઢીને વીરતા વ્હોરી,
શુરા સંગ્રામમાં ઝુઝે છે—મારા બાપુની વીરહાક વાગે છે.

---

## નહિ રખની નહિ રખની.

(૧૦)

નહિ રખની નહિ રખની, સરકાર, જાલિમ નહિ રખની,
મુસલમાનકા મક્કા ખોયા, મુસલમાનકા મક્કા ખોયા,
સિખ્ખોં કા દરબાર,—જાલિમ૦
જલિયાંવાલા બાગ કે ભીતર, નિઃશસ્ત્રો પર ગોળી ચલાકર,
મારે કૈંક હજાર—જાલિમ૦
પેશાવરકે ચોકકી અંદર, નિર્દોષો પર ગોળી ચલાકર;
મારે કૈંક હજાર—જાલિમ૦
જવાહીરકો પીંજર પાયા, વલ્લભભાઇકો પીંજર પાયા,
ગાંધીજીકો પીંજર પાયા, સેન બોઝ કો પીંજર પાયા.
એસી હૈ બદકાર—જાલીમ૦

---

## કદી નથી હારવું.

(૧૧)

કદી નથી હારવું, હવે નથી હારવું—
ભલે જાનમાલ જાય—કદી૦
કેદ આવે, ફાંસી આવે,
તોપ ને તલવાર આવે.
બોમ્બ ને બન્ધુક આવે, તોય નથી હારવું.
જીવીને સ્વરાજ લેશું,
મરશું તો મુક્તિને વરશું,
ગુલામી ના વરીશું,—કદી૦
જુઠા સામે સાચ ખેલે,
દાનવ સામે દેવ ખેલે,
એવો આ સંગ્રામ ખેલો—કદી૦
ઇશ્વરની આશીષ વરસે,
ભલે ના હથિયાર પાસે,
નિશ્ચે હવે જીત થાશે—કદી૦

## સર ફરોશી કી તમન્ના.

(૧૨)

સરફરોશી કી તમન્ના અબ હમારે દિલમેં હૈં
દેખના હય જોર કિતના બાજુએ કાતિલ મેં હૈં
રહરવે રાહે-મહબ્બત રહે ન જાના રાહ મેં
લઝઝતે સહેરાનવર્દી દૂર યે મંઝિલમેં હૈ.
આજ ફિર મકતલ મેં કાતિલ કર રહા, હૈં બારબાર
કયા તમન્ના-એ-શહાદત ભી કિસી કે દિલ મેં હૈં.
અય શહીદે મુલ્ક-ઓ-મિલ્કત મેં તેરે ઉપર નિસાર
અબ તેરી હિમ્મતકા ચરચા ગેર કી મેહફીલ મેં હૈ.
વક્ત આને દે બતા દેંગે તુઝે અય આસમાં
હમ અભી સે કયા બતા દેં કયા હમારે દિલમેં હૈ!
અબ ન પહેલે વલવલે હેં ઔર ન અરમાનોંકી ભીડ
સિર્ફ મિટ જાનેકી એક હસરત યકદિલે-બિસમિલમેં હેં.

---

## સરદાર ગાંધી હે*

(૧૩)

હમારી કૌમને માના હુઆ સરદાર ગાંધી હૈ,
હમારે કાફિલેકા કાફિલા-સરદાર ગાંધી હૈ.
ગુંજાયા હૈ જમાના મેં અજબ લલકાર ગાંધી હૈ,
નહીં ડરતા હૂં દુશ્મનસે મેરી સરકાર ગાંધી હૈ;
હમારી કૌમને માના હુઆ સરદાર ગાંધી હૈ.
બસે હુએ ઘર ઉજડ રહે હૈ,
ઉજાડ ગુલશન બને હુએ હૈ,
સિખા કર સત્યાગ્રહ હમકો, દિખાયા હૈ યહુ દુનિયાકો,
જમાયા જેલમેં ડેરા ઔર છોડા ઘરબાર ગાંધી હૈ;
હમારી કૌમને માના હુઆ સરદાર ગાંધી હૈ.

## કર્મયુગ

(૧૪)

આ ગયા હૈં કર્મયુગ કુછ કર્મ કરના શીખલો;
દેશ પર અરૂ જાતિ પર હંસ કે મરના શીખલો,
મારનેકા નામ મત લો, પહેલે મરના શીખ લો,
મિસ્લે આયર્લેન્ડ દબ કર, ફિર ઉભરના શીખ લો;
પાર યદિ હોના તુમ્હે પરતંત્રતા દુઃખ સિંધુસે;
તૈર કર તો રક્તસાગરસે ઉતરના શીખ લો;
ફિર જલા દેંગે સકલ સંસારકો ક્ષણ માત્રમેં,
દેશદુઃખકી આગમેં પર પહેલે જલના શીખ લો;
જેલયાત્રાકે લિયે દિન રાત ઉત્સાહિત રહો,
કૃષ્ણ—જન્મસ્થાનમે નિર્ભય વિચરના શીખ લો:
દેખના હૈ દશ્ય ભારતવર્ષમેં યદિ સ્વર્ગકા,
દેશકા તો પ્રાણપનસે દુઃખ હરના શીખ લો.

---

## શક્તિમન્ત્ર

(૧૫)

જનનિ ભારત આજ હમકો, મધુર બીણા સુના રહી હૈ:
સ્વતંત્રતાકા રાગ ગાકર, માનો અમૃત પીલા રહી હૈ.
સેંકડો વર્ષોસે હમ થે, ભાગ્યહીકે ફરમેં;
ઉસકી નિર્ભરતા છોડાકર, સ્વાવલંબન શીખા રહી હૈ.
થા નિરાશા કા ભયાનક, ભૂત જો હમ પર ચઢા;
રાષ્ટ્ર કે સંગીત બલસે, શીઘ્ર ઉસકો ભગા રહી હૈ.
ફિર ભલા મૈ દીનતાકે, શબ્દ કૈસે કહ સકું ?
જબકી માતા મીઠે સ્વર સે, શક્તિમન્ત્ર પઢા રહી હૈ.

---

## ઇન્કીલાબ ઝીન્દાબાદ.

(૧૬)

ભારત ભરમાં ગાજે નાદ--ઇન્કીલાબ ઝીન્દાબાદ
નવજુવાનો હોંશીઆર—ઇન્કીલાબ ઝીન્દાબાદ
ગામડીયા પોકારે નાદ—ઇન્કીલાબ ઝીન્દાબાદ
સૈનિકોના વિજય નાદ—ઇન્કીલાબ ઝીન્દાબાદ
એક અવાજે ગાજે નાદ--ઇન્કીલાબ ઝીન્દાબાદ
શહીદોના મરણ નાદ—ઇન્કીલાબ ઝીન્દાબાદ

---

## ચરખા ચલા ચલાકે લેંગે સ્વરાજ લેંગે.

(૧૭)

ચરખા ચલા ચલા કે, લેંગે સ્વરાજ લેંગે.
મલમલ જો હૈ વિદેશી, આને કો ગજ મિલેગી,
ખાદી નહિ ત્યજેંગે—લેંગે૦
બહોત્તર કરોડ રુપિયા, પરદેશ જા રહા હૈ;
ઉસકુ બચા બચાકે—લેંગે૦
ચરખેકી ઘણઘણાટ, રણભેરિ યા બજેંગે;
અંગ્રેજ કો સુનાકે—લેંગે૦
યા હક્ક હૈ હમારા, તન જાનસેભી પ્યારા,
મરને નહી ડરેંગે—લેંગે૦
હમ સબ પરેડ ફોજી, કપ્તાન હમારા ગાંધી,
આજ્ઞા ઉસીકી લેંગે—લેંગે૦
તેત્રીસ કરોડ ફોજી, રણ સાથ એ ચલેંગે,
ગાંધી હુકમ કરેંગે—લેંગે૦
ચરખા હી તોપ બનેંગે, તકલી બને હૈ બરછી,
ગોલેસે સુતકે હમ—લેંગે૦

# સારે જહાંસે અચ્છા હિંદુસ્તાં હમારા.

(૧૮)

સારે જહાંસે અચ્છા હિંદુસ્તાં હમારા,
હમ બુલબુલેં હંય ઉસ્કી વોહ ગુલિસ્તાં હમારા. ૧
ગુરબતમેં રહો અગર હમ રહેતા હય દિલ વતનમેં,
સમજો વહીં હમેભી દિલ હો જહોં હમારા. ૨
પરબત વોહ સબસે ઉંચા હમસાયહ આસમાંકા,
વોહ સન્તરી હમારા વોહ પાસબાં હમારા. ૩
ગોદીમેં ખેલતી હંય ઉસ્કી હજારો નદીયાં
ગુલ્શન હય જીનકે દમસે રશ્કે જીનાં હમારા. ૪
અય આબે રૂદે ગંગા! વોહ દિન હય યાદ તુજકો,
ઉતરા તેરે કિનારે જબ કારવાં હમારા. ૫
મઝહબ નહિ સિખાતા આપસમેં બેર રખના.
હિન્દી હંય હમ વતન હય હિદુસ્તાં હમારા. ૬
યુનાનો મિસરે. રુમા સબ મિટ ગયે જહાંસે,
અબ તક મગર હય બાકી નામો નિશાં હમારા. ૭
કુછ બાત હય કે હસ્તી મિટતી નહિ હમારી,
સદયો રહા હય દુશ્મન દવરે ઝમાં હમારા. ૮
ઇકબાલ! કોઇ મહેરમ અપના નહિ જ હોંમે
માલુમ ક્યા કિસીકો દર્દે નહાં હમારા, ૯

---

# ધુન

(૧૯)

રઘુપતિ રાઘવ રાજારામ, પતિતપાવન સીતારામ.
રાધા કૃષ્ણુ જયકુંજ વિહારી, મુરલીધર ગોવર્ધનધારી.
રાજા રામ રામ રામ, સીતા રામ રામ રામ.
જય શ્રી કૃષ્ણુ જય શ્રી રામ, અધમ ઉધ્ધારણુ પુરણુ કામ.
ઇશ્વર અલ્લા તેરે નામ, સબકો સન્મતિ દે ભગવાન.

---

# મોહન મીઠું પકાવે.

(૨૦)

દાંડી તણા કિનારે મોહન મીઠું પકાવે,
મોહન મીઠું પકાવે સૈનિક સઉ પકાવે. દાંડી
એકસોને ચાર યોદ્ધા બાપુની સંગ ચાલે,
સત્યાગ્રહી પકાવે સરકાર તે ઝુંટાવે. દાંડી
અહિંસાતણા સૈનિકો શસ્ત્રો વિના ઝઝુમે,
સરકારી જુલ્મો સામે ગાંધીજી શીર ઉઠાવે. દાંડી
સ્વતંત્રતાને કાજે અપુર્વ યુદ્ધ જમાવે,
જોશે જગત ન જોયું આ રાજ્યને ઉખાડે. દાંડી
અહિંસા તણા એ વીરો સબરસ સરસ પકાવે,
દુનિયામાં સઉથી મોટો સઉ કોઇને નમાવે. દાંડી
ભારતતણા સંતાનો સઉ જેલને સ્વીકારે,
જાલીમ જો દમ બતાવે ભરતીનાં પુર આવે. દાંડી
એ જુલ્મી કર જો જાશે બીજા પછી તોડાશે,
સ્વાતંત્ર્ય વીણ ઉદાસી બીજુ કશુ ન ભાવે. દાંડી
જાલીમ તણા સીતમને ભડવીર એ નમાવે,
પડકારથી ધ્રુજાવે સલ્તનતને એ ડોલાવે. દાંડી
આપોને ભોગ વીરો માતાને કાજ આજે,
સ્વાતંત્ર્ય યુદ્ધ માટે વીર હાક આજે ગાજે. દાંડી

# ધરતી માગે છે ભોગ!

(૨૧)

પોરો રે આવ્યો સંતો પાપનો,
ધરતી માગે છે ભોગ!'
ઉંડી રે નીંદરામાં અમે સાંભળ્યું
ધરતી માગે છે ભોગ!'
સૂતાં રે સ્વપ્નામાં અમે સાંભળ્યું
'ધરતી માગે છે ભોગ!'

પડઘા પડયા રે ખંડે ખંડમાં
ધન ધન વાયારે પવન,
માઝમ રાત્યુંનો મારો સાયબો
આગ્રે વીંઝે ગાઢાં વન–ઉંડી રે૦

નીંદરનાં ઘેરાણાં તમે જાગજો!'
ગરજ્યો સાહેબનો સવાલ,
ટકોરા દીધા રે બીડેલ બારમાં,
આવિયો કુડિયાંનો કાળ–ઉંડી રે૦

"જાગો રે બળહીણાં બંધુ બેનડી!
આપણાં આવ્યાં છે ટાણાં
'ઉઠો રે ખંખેરી ખોટી બીકને,
મુગતિનાં વાયે રે વાણાં–ઉંડી રે૦

'સમરથનો સુરજ આજે આથમે,
આથમે ભૂપતિના ભાણ;
'ખંડ રે પતિઓનાં તખ્તો ખળભળે,
આજ એનાં દળમાં ભંગાણ–ઉંડી રે૦

પ્યાલા રે ઘુંટયા મેં અમરત–પાનના
આવજો પીવા પ્રેમવાન!

'ઘુરે રે લાલપ–ઘેરી આંખડી,
મરવા બનો મસ્તાન—ઉંડી રે૦
'દુબળાં રે'વું છે દિવસ કેટલા !
કેટલા દિન રે ધ્રુજાટ !
'મરેલાં જીવવું છે જીવડા ક્યાં લગી,
હાલવું હીનતાની વાટ–ઉંડી રે૦
'ઉંચા ને નીચાં કે ધનવંત નિરધના,
ભાઈ! એ તો કૂડના રે ભેદ !
'ભેદની ભીત્યું ને આજ મારે ભાંગવી;
મનડાની આખરી ઉમેદ–ઉંડી રે૦
ઉંડી રે નીંદરમાં અમે માનિયું,
વાયરો સુસવે ભેંકાર;
ગાઢા રે સ્વપ્નામાં અમે શોચિયું,
વાદળાં કરે રે પોકાર–ઉંડી રે૦
ગાફિલ થઇને ઓઢયાં ગોદડાં;
ઘર ! ઘર ! ઘોર્યાં સારી રેન.
જાગન્તાં દીઠા રે નેજા ફટકતા,
ઉતર્યાં મતલબનાં ઘેન ઉંડી રે૦
સાયબાને ભાળ્યો ઝળહળ ઝુઝતો,
શત્રુ કરે ભાગાભાગ,
નોબત્યું ગડગડી સત ને ધરમની,
કુડ–ઘેર કળેળે કાગ–ઉંડી રે૦
પોરોરે આવ્યો સંતો પાપનો;
ધરતી માગે છે ભોગ !

(સૈરાષ્ટ્ર)

## સતનો સંગ્રામ.

(૨૨)

સતનો માંડ્યો છે સંગ્રામ, પ્યારી માતૃભૂમિને કાજે;
કીધાં કેસરિયાં આ વાર; —પ્યારી૦
અમને મળ્યા શૂરા સરદાર, કંપાવી સરકાર;
લડવા થયા અમે તૈયાર; —પ્યારી૦
અમને થયું ખરેખર ભાન, દિલમાં ફેલાયું તાન;
કરશું કાયાને કુરબાન; —પ્યારી૦
સાચો કર્યો અમે પડકાર હઠસે પરદેશી સરકાર;
લડશું સર્વે હારોહાર —પ્યારી૦
માંથુ ને ધડ જુદા થાય. તોપણ, ડગશું નહિ તલભાર;
સત્યાગ્રહનું છે હથિયાર; —પ્યારી૦
આખી પ્રજા બની છે એક, શિરને સાટે લીધી ટેક,
ભારતની સાચી નેક; —પ્યારી૦

---

## પ્રતિજ્ઞા.

(૨૩)

અમે લીધી પ્રતિજ્ઞા પાળશું રે,
ભલે કાયાના કટકા થાય. અમે૦
ભલે વરસે વરસાદ મહા જુલ્મનો રે,
ભલે થવાનું હોય તે થાય. અમે૦
અમે ગુજરાતનું નામ નહિ બોળશું રે,
ભલે માથું ને ધડ જુદાં થાય. અમે૦
અમે કીધાં કેસરિયાં પ્રેમથી રે,
ભારતની રાખવા લાજ. અમે૦

---

આવૃત્તિ પહેલી
પ્રત : ૫૦૦૦
સંવત ૧૯૮૬

મુદ્રક:
હરગોવિન્દ એ. પરમાર
પ્રવીણસાગર પ્રિન્ટીંગ પ્રેસ
ગુલાલવાડી, : મુંબઈ ૪